**હવામાન**

| | મહત્તમ | લઘુત્તમ |
|---|---|---|
| અંકલેશ્વર | ૩૮.૦° સે. | ૨૯.૦° સે. |
| બારડોલી | ૩૫.૦° સે. | ૨૭.૦° સે. |
| ભરૂચ | ૩૯.૦° સે. | ૨૯.૦° સે. |
| વ્યારા | ૩૨.૦° સે. | ૨૭.૦° સે. |

## સંક્ષિપ્ત સમાચાર

### બારડોલીના મઢી નજીક નહેરમાં ડૂબી જવાથી સુરતના પ્રૌઢનું મોત

બારડોલી: બારડોલીના મઢી ગામ પાસેથી પસાર થતી કાકરાપાર નહેરમાં ડૂબી જવાથી સુરતના ૪૭ વર્ષીય પ્રૌઢનું કરુણ મોત નીપજ્યું હતું. સુરતના પુણા નહેર રોડ પર રંગઅવધૂત સોસાયટી વિભાગ-૨, ઘર નં.૨૬૮માં રહેતા નરેન્દ્રભાઇ ચંદુભાઇ સરવૈયા ગત ૨૫ જૂનના રોજ સાંજે મઢી ગામના કાંટી ફળિયા પાસે નહેરના પુલ પરથી પાણીનો પ્રવાહ જોઈ રહ્યા હતા. દરમિયાન અચાનક પગ લપસતાં તેઓ ઊંડા પાણીમાં ખાબક્યા હતા અને તેજ પ્રવાહમાં શ્વાસ રૂંધાવાના કારણે તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું. આ દુર્ઘટના અંગે સુરતના વકીલ સંતોષભાઇ પાટીલે બારડોલી રૂરલ પોલીસને જાણ કરી હતી. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### કામરેજના ખોલવડની પરિણીતાને ત્રાસ આપતાં પતિ સામે પોલીસ ફરિયાદ

કામરેજ: ખોલવડ ગામમાં બજાર ફળિયામાં નફીસા પટેલ પરિવાર સાથે રહે છે. નફીસાનાં લગ્ન 25 વર્ષ અગાઉ જાકીર મોહમદ પટેલ સાથે થયાં હતાં. લગ્નજીવન દરમિયાન ત્રણ સંતાનો છે. પરિણીતાના પતિ બોલાચાલી કરતાં હોઈ અને કોઈ મહિલા સાથે સંબંધ હોવા છતાં પણ માનતા ન હોઈ અને પરિણીતાની સાથે બોલાચાલી કરી ત્રાસ આપતા હોવા છતાં પણ પતિ સાથે રહે છે. જેને લઈ ત્રાસ આપતા પતિ સામે કામરેજ પોલીસ મથકમાં પરિણીતાએ ફરિયાદ નોંધાવી હતી.

### કરંજ ગામમાં કરંટ લાગતાં શ્રમિકનું મોત

માંડવી: માંડવીના કરંજ ગામે વીજ થાંભલા પર કામ કરતી વખતે કરંટ લાગવાથી ૨૮ વર્ષીય શ્રમિક ઓમસિંહ લાદુસિંહ રાવતનું મોત નીપજ્યું છે. મૂળ રાજસ્થાનના અને હાલ ઓલપાડ રહેતા ઓમસિંહ ગત ૨૫ જૂનના રોજ કરંજ ગામે અર્થિંગનું કામ કરી રહ્યા હતા. દરમિયાન ભૂલથી તેઓ બાજુમાં આવેલી ૧૧ કે.વી.ની લાઈવ વીજ લાઈનના થાંભલા પર ચડી જતાં તેમને જોરદાર હાઈવોલ્ટેજ કરંટ લાગ્યો હતો અને તેઓ નીચે પટકાયા હતા. ગંભીર હાલતમાં તેમને હોસ્પિટલ ખસેડાતા તબીબે મૃત જાહેર કર્યા હતા. પોલીસે અકસ્માત મોતનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વ્યારામાં રખડતા કૂતરાનો બાળકી પર હુમલો

વ્યારા: વ્યારા નગરમાં વોર્ડ નં.1 વિસ્તારમાં રખડતા કૂતરાએ નાની બાળકી પર અચાનક હુમલો કરી બચકાં ભરતાં કૂતરાના બચકાથી ઇજાગ્રસ્ત બાળકીને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. ઘટનાને પગલે વિસ્તારના લોકોમાં તેમજ રાહદારીઓમાં ભયનો માહોલ સર્જાયો છે. ત્યારે પાલિકા તંત્ર દ્વારા રખડતા કૂતરાઓને પકડાવા તાત્કાલિક જરૂરી કાર્યવાહી કરવામાં આવે તેવી સ્થાનિકોમાં માંગ ઊઠી છે.

### પલસાણાના એનામાં ઘર બહાર સૂતેલા વૃદ્ધને કારચાલકે ટક્કર મારી, સારવાર દરમિયાન મોત

પલસાણા: પલસાણાના એના ગામમાં ઘરની બહાર સૂતેલા એક ૬૦ વર્ષીય વૃદ્ધ પર પૂરઝડપે આવેલી અજાણી અર્ટિકા કાર ફરી વળતાં તેમનું સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. પલસાણા પોલીસે આ મામલે ગુનો નોંધી અજાણ્યા કાર ચાલકની શોધખોળ હાથ ધરી છે. એના ગામના નવી ગિરનાર ફળિયામાં મકાન નં.૬૧૦ની સામે રોડ પર ગત તા.૨૨ જૂન-૨૦૨૬ના રોજ મોડી રાત્રે આશરે ૧૨:૧૦ વાગ્યાના અરસામાં આ અકસ્માત સર્જાયો હતો. અહીં રહેતા સુખાભાઈ ખાલફભાઈ રાઠોડ (ઉં.વ.૬૦) પોતાના ઘરની બહાર દીવાલને અડીને સૂતા હતા. દરમિયાન એક સફેદ રંગની ટેક્સી પાર્સિંગની અર્ટિકા કારના ચાલકે પોતાના કબજાનું વાહન પૂરઝડપે હંકારી લાવી વૃદ્ધને જોરદાર અડફેટે લીધા હતા. આ ગંભીર અકસ્માતમાં સુખાભાઈને ગંભીર ઇજાઓ પહોંચી હતી. અકસ્માત સર્જી અર્ટિકા કારનો ચાલક ઘટના સ્થળેથી ફરાર થઈ ગયો હતો. લોહીલુહાણ હાલતમાં વૃદ્ધને તાત્કાલિક સારવાર માટે બારડોલીની સરદાર હોસ્પિટલ ખસેડાયા હતા, જ્યાંથી વધુ સારવાર માટે તેઓને સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જો કે, ફરજ પરના તબીબોએ તેમને સારવાર દરમિયાન મૃત જાહેર કર્યા હતા. આ સમગ્ર મામલે મૃતકની પાડોશમાં રહેતા સંજયભાઈ કાંતુભાઈ રાઠોડ (ઉં.વ.૩૪)એ પલસાણા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સોનગઢ પાલિકાના વાલ્વમેનોની પડતર માંગ બાબતે હડતાળ

**ચીફ ઓફિસર અને કોર્પોરેટરોએ મધ્યસ્થી કરતાં હડતાળ સમેટાઇ, પાણી પુરવઠો ફરી શરૂ થયો**



સોનગઢ: સોનગઢ નગરપાલિકાના પાણી પુરવઠા વિભાગમાં ફરજ બજાવતા વાલ્વમેનોએ પોતાની વિવિધ ન્યાયી અને લાંબા સમયથી પડતર રહેલી માંગણીઓને લઈને અચાનક હડતાળ પર ઊતરતાં સમગ્ર નગરમાં પાણી પુરવઠાની સમસ્યા સર્જાઈ હતી. વહીવટી તંત્રની ઉદાસીનતા સામે કર્મચારીઓએ વિરોધ નોંધાવતાં અનેક વિસ્તારોમાં પાણીનો પુરવઠો ખોરવાઈ ગયો હતો અને નાગરિકોને હાલાકીનો સામનો કરવો પડ્યો હતો.

હડતાળ પર ઊતરેલા કર્મચારીઓએ પેન્ડિંગ પગાર વધારો તથા બાકી રહેલાં લેણાંની તાત્કાલિક ચૂકવણી, વર્ષોથી ફરજ બજાવતા હંગામી અને કોન્ટ્રાક્ટ આધારિત કર્મચારીઓને કાયમી નિમણૂક, સુરક્ષા સાધનો, વીમો સહિતની પ્રાથમિક સુવિધાઓ ઉપલબ્ધ કરાવવા, કામના ભારણ મુજબ યોગ્ય મહેનતાણું અને કામના કલાકો નક્કી કરવા તેમજ જે કર્મચારીઓની જે વિભાગમાં નિમણૂક થઈ હોય તેમને તે જ વિભાગનું કાર્ય સોંપવાની માંગણીઓ રજૂ કરી હતી. વાલમેનની હડતાળને પગલે નગરના અનેક વોર્ડોમાં પાણીનો પુરવઠો બંધ થતાં પાણી માટે કકળાટ મચી ગયો હતો. પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાનમાં રાખી નગરપાલિકા તંત્ર દ્વારા તાત્કાલિક અન્ય કર્મચારીઓને કામગીરી સોંપી કેટલાક વોર્ડોમાં પાણી પુરવઠો શરૂ કરાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, જેથી નાગરિકોને રાહત મળી શકે.

દરમિયાન નગરપાલિકાના ચીફ ઓફિસર તથા ચુંટાયેલા કોર્પોરેટરો અને કર્મચારી પ્રતિનિધિમંડળ વચ્ચે બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન કર્મચારીઓની વિવિધ માંગણીઓ અંગે ચર્ચા કરવામાં આવી હતી. પાલિકા હસ્તકની કેટલીક માંગણીઓનો હકારાત્મક નિકાલ થતાં કર્મચારીઓએ પોતાની હડતાળ સમેટી લીધી હતી.

હડતાળનો અંત આવ્યા બાદ પાણી પુરવઠા સમિતિના અધ્યક્ષ સ્વપ્નિલભાઈ પાટીલના માર્ગદર્શન હેઠળ તમામ વોર્ડોમાં તબક્કાવાર પાણી પુરવઠો પુનઃ શરૂ કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. જેના કારણે નગરજનોને રાહત મળી હતી.

# કુંભારીમાં રોડ સાઈડ પાર્ક કરેલી કાર સાથે કાર અથડાઈ

**સુરતના વકીલ અને તેના મિત્રની કારને આશરે રૂ.5 લાખનું નુકસાન**




સાયણ: ઓલપાડ-કરંજ રોડ પર આવેલા કુંભારી ગામે લગ્ન પ્રસંગમાં આવેલા સુરતના વકીલ અને તેમના મિત્રની પાર્ક કરેલી કારને એક કાર ચાલકે ટક્કર મારતાં ભારે નુકસાન થયું છે. આ મામલે ઓલપાડ પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ છે.

સુરતના પાલ વિસ્તારમાં રહેતા અને વકીલાત કરતા સમીરભાઈ બાજપાઈ (ઉં.વ.૫૦) ગત ગુરુવારે કુંભારી ગામે મિત્રના દીકરાનાં લગ્નમાં આવ્યા હતા. તેમણે પોતાની ટોયોટા હાઈરાઈડર કાર નં.(જીજે-૦૫, જે.યુ-૨૦૮૦) અને તેમના મિત્ર શ્રેયાંશભાઈએ હોન્ડા સિટી કાર નં.(જીજે-૦૫,જે. એચ-૩૨૮૭) રોડની સાઈડમાં પાર્ક કરી હતી. રાત્રે આઠેક વાગ્યે જમણવાર પતાવીને તેઓ પાછા ફર્યા ત્યારે કાછોલ ગામના મનહરભાઈ નરોત્તમભાઈ પટેલે પોતાની હુન્ડાઈ કાર નં.(જીજે-૦૫, આર.પી-૪૪૯૨) પૂરઝડપે અને ગફલતભરી હંકારી બંને પાર્ક કરેલી કારને જોરદાર ટક્કર મારી હતી. આ અકસ્માતમાં વકીલ સમીરભાઈની કારના બમ્પર, એક્સલ અને દરવાજાને ભારે નુકસાન થતાં આશરે ૫ લાખનું નુકસાન થયું હતું, જ્યારે મિત્રની કારને પણ નુકસાન પહોંચ્યું હતું. અકસ્માત સર્જી ચાલક મનહર પટેલ ફરાર થઈ ગયો હતો. ઓલપાડ પોલીસે વકીલની ફરિયાદના આધારે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# કામરેજના વાવ, નનસાડ, કોસમાડા ગામમાં જુગાર રમતાં 19 ઝડપાયાં

કામરેજ: ભીમ અગિયારસના પર્વે કામરેજ પોલીસે વાવ, નનસાડ અને કોસમાડા ગામોમાં દરોડા પાડી ગંજીપાના વડે જુગાર રમતી ૬ મહિલા અને ૧૩ પુરુષો સહિત કુલ ૧૯ શખ્સોને રંગેહાથ ઝડપી પાડ્યાં હતાં. પોલીસે ત્રણેય સ્થળોએથી દાવ પરના રોકડા રૂપિયા, અંગજડતી, ૪ મોબાઈલ ફોન અને ૩ મોટરસાઈકલ મળીને કુલ રૂ.૧,૧૯,૮૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. પકડાયેલા તમામ આરોપીઓ સુરત અને




સૌરાષ્ટ્રના વતની છે. પોલીસે તમામ જુગારીઓ સામે જુગારધારા હેઠળ ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે.

# તાતીથૈયાની મિલમાં પતરાં બદલતા આધેડનું નીચે પટકાતાં મોત

પલસાણા: મૂળ યુપીના વતની અને હાલ પલસાણાના બગુમરા ગામે સાંઈવાટિકા સોસાયટી-૧, મકાન નં.૭૭માં રહેતા જયપ્રકાશ રામાકૃત શર્મા (ઉં.વ.૫૬) તાતીથૈયાની મંગલમ મિલમાં પતરાનો શેડ સમારકામ અથવા બદલવાનું કામ કરી રહ્યા હતા. ગત તા.૨૫ જૂન-૨૦૨૬ના રોજ સાંજના ૪ વાગ્યા પહેલા પતરાં બદલતી વખતે તેઓ અચાનક સંતુલન ગુમાવતાં ઊંચાઈ પરથી નીચે પડ્યાં હતાં. નીચે પટકાવાને કારણે તેમને શરીરે ગંભીર ઈજા થતાં તેમનું મોત થયું હતું. આ બનાવ અંગે મૃતકની દીકરી ગરિમા જયપ્રકાશ શર્મા દ્વારા કડોદરા જી.આઈ.ડી.સી. પોલીસ સ્ટેશનમાં જાણ કરવામાં આવી હતી.

# ડભારીમાં દારૂના અડ્ડા પર રેઈડ

સાયણ: ઓલપાડના કાંઠા વિસ્તારમાં આવેલા ડભારી ગામે સ્ટેટ વિજિલન્સ પોલીસની ટીમે બાતમીના આધારે દેશી દારૂના ૪ અડ્ડા પર એકસાથે ત્રાટકી મોટી કાર્યવાહી કરી છે. ગત ગુરુવારે સાંજે થયેલી આ પ્રોહિબિશન રેડ દરમિયાન પોલીસે સ્થળ પરથી દીપક બલ્લુભાઈ, ચેતન પટેલ, શશીકાંત પટેલ અને અરવિંદ પટેલ નામના ૪ આરોપીને દબોચી લીધા હતા. પોલીસે ઘટના સ્થળેથી ૨,૯૪૪ લીટર તૈયાર દેશી દારૂ (કિંમત રૂ.૬.૦૭ લાખ) અને દારૂ ગાળવાનું ૨૭,૨૦૦ લીટર રસાયણ (કિં.રૂ.૬.૮૦ લાખ) તથા એક મોટરસાઈકલ મળી કુલ રૂ.૧૩.૩૭ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. ઝડપાયેલા આરોપીઓની પૂછપરછના આધારે પોલીસે કાંતિ પટેલ, અર્જુન પટેલ, મનહર (કામરેજ) તથા ડભારી ગામના અંબાલાલ, બાબુકાકા, લાખો તેમજ કાંતુ નામના બુટલેગરને વોન્ટેડ જાહેર કરી તેમને પકડવા ચક્રો ગતિમાન કર્યાં છે.

# કઠોરમાં ચેક રિટર્ન કેસમાં આરોપીને એક વર્ષની જેલની સજા

**કઠોર વિભાગ નાગરિક બચત અને ધિરાણ મંડળીના સભાસદને કોર્ટે સજા ફટકારી**

કામરેજ: કઠોર ગામે આવેલી કઠોર વિભાગ નાગરિક બચત અને ધિરાણ સહકારી મંડળીના સભાસદએ જરૂરીયાત મુજબ ધિરાણ મંડળીના સભાસદ નિખિલ અનિલ સોની (રહે.શિવમ પાર્ક સોસાયટી,કઠોર) એ ગત તા.10-9-20ના રોજ રૂ.1 લાખનુ ધિરાણ 11 ટકાના વ્યાદ દરે બે જામીનદારોની જામીનગીરી અને જરૂરી તમામ કાયદેસરના દસ્તાવેજો કરાવીને આપવામાં આવ્યુ હતું. લોનની શરતો મુજબ માસિક હપ્તેથી ભરપાઈ કરવાની હતી, જેમાં કસૂર થયેથી મંડળીના 3 ટકા દંડનીય વ્યાજ વસૂલવાનો કાયદેસરનો અધિકાર ધરાવે છે. નિખિલ સોનીએ લોન લીધા બાદ શરતોનું પાલન ન કરી ધિરાણના હપ્તા ન ભરતાં મંડળી દ્વારા વારંવાર નોટીસો આપવા છતાં લોન ન ભરતા સભાસદ નિખિલ સોની દ્વારા મંડળીને રૂ.95326નો ચેક આપવામાં આવ્યો હતો. જે મંડળીના ખાતામાં નાંખતા ફંડ ઈન્શફીસીયન્ટના શેરા સાથે ચેક પરત થયો હતો. જેના લઈને મંડળીના મેનેજરે વકીલ અમીષ ઠકકર દ્વારા નિખિલ સોનીને નોટીસ મોકવામાં આવી હતી. નોટીસ મોકલવા છતાં પણ રૂપીયા ન ભરતાં આખરે મંડળીના વકીલ અમીષ ઠકકર દ્વારા કઠોરની એડીશનલ ચીફ જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ચુનૌતી આર.વત્સની કોર્ટમાં ધી નેગોશીએબલ ઈન્સ્ટુમેન્ટ એકટની કલમ 138 મુજબનો કેસ દાખલ કરવામાં આવ્યો હતો. જે કેસ કોર્ટમાં ચાલી જતાં વકલી અમીષ ઠકકરે ધારદાર રજૂઆતો કરતાં આરોપી નિખિલ અનિલ સોનીને ગુનામાં તકસીરવાન ઠેરવી એક વર્ષની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો. મંડળીને રૂ.95,236 ચુકવવા હુકમ કરવામાં આવ્યો હતો. વળતરની રકમ ન ચુકવે તો આરોપીને વધુ છ માસની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવ્યો હતો.




**बैंक ऑफ इंडिया Bank of India BOI**

**ઝોનલ ઓફિસ, સુરત ઝોન : બેંક ઓફ ઈન્ડિયા બિલ્ડીંગ, ૧લો માળ, ઘોડદોડ રોડ, પાંજરાપોળ સામે, સુરત-૩૯૫૦૦૧**

**સુધારો**

આથી **તા: ૨૦/૦૬/૨૦૨૬** ના રોજ ગુજરાતમિત્ર અખબાર માં પ્રસિદ્ધ થયેલ ઈ– હરાજી વેચાણ નોટીસના સંદર્ભમાં જણાવવાનું કે **તા : ૨૮/૦૭/૨૦૨૬ ના રોજ** આયોજીત ઈ– હરાજી **માં અ.નં.૧, દેવાદાર : શ્રી સમદારલાલ લિચ્છમનરામ, શ્રીમતી મૈનાદેવી અને શ્રી રામાશંકર આર યાદવ, કલોક ટાવર શાખા** ની સુરક્ષિત કરેલ મિલકતનું વર્ણન માં રહેણાંકનું ઘર જે પ્લોટ નં.૮૦ ભુલ અને શરત ચુકથી છપાયેલ છે જે સુધારીને રહેણાંકનું ઘર જે પ્લોટ નં.૧૮૦ વાચવું.

**ઈ– હરાજી વેચાણ નોટીસની બીજી બધી વિગતો યથાવત રહેશે.**

તા.૨૭.૦૬.૨૦૨૬ । સ્થળ : સુરત — અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા

**बैंक ऑफ़ बड़ौदा Bank of Baroda**

**આશા નગર શાખા :** જશ આર્કેડ, ક્રીષ્ણા સોસાયટી, આશા નગર, નવસારી ગુજરાત – ૩૯૬૪૪૫. મો : ૬૩૫૨૫૫૩૪૭૧ email : vjnavs@bankofbaroda.com

**(સરફેસી એકટ, ૨૦૦૨ ના સેકશન ૧૩ ના સબ–સેકશન (૨) હેઠળ) દેવાદાર/જામીનદાર ને નોટીસ**

પ્રતિ, ૧) **શ્રી રામબાબુ ઉમાશંકર સરોજ, ૨. શ્રીમતી ગાયત્રી સરોજ**
રામનગર–૩ સુરભી સોસાયટી, વિજલપોર, નવસારી, ગુજરાત–૩૯૬૪૫૦. મો : ૯૭૨૪૧૦૩૨૪૦
**શ્રી રામબાબુ ઉમાશંકર સરોજ, શ્રીમતી ગાયત્રી સરોજ**
ફલેટ નં.૩૦૨, ૩જો માળ બિલ્ડીંગ નં.૧૧, કામધેનુ પાર્ક વિદ્યા ભારતી સ્કુલ નજીક, શાંતાદેવી રોડ, તા અને જી.નવસારી, ગુજરાત–૩૯૬૪૪૫

**સિકયોરીટાઈઝેશન અને રિકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સિયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ ૨૦૦૨ ની કલમ ૧૩(૨) હેઠળ મેસર્સ એન એન એન્ટરપ્રાઈઝ માલિક શ્રી રામબાબુ ઉમાશંકર સરોજ ને નોટીસ, હવે પછી અહીં 'ધી એકટ' તરીકે ઉલ્લેખાશે,**

મહેરબાનશ્રી,

**વિષય : અમારી આશાનગર શાખા માંથી ક્રેડીટ સુવિધા અંગે.**

અમારા **તા.૨૬.૧૦.૨૦૨૩** ના પત્ર ક્રમાંક **BOB/ADV** (ટર્મ ક્રેડિટ) એડવાન્સ ખાતા **શ્રી રામબાબુ ઉમાશંકર સરોજ અને શ્રીમતી ગાયત્રી સરોજ** બેંકની બાકી અંગે ના પત્રના સંદર્ભમાં ક્રેડીટ સુવિધાઓની મંજુરી અને મંજુરીની શરતો જણાવતા ઉપરોકત મંજુરીને અનુલક્ષીને તમારા દ્વારા જરૂરી મિલકત સુરક્ષિત કરીને ક્રેડીટ સુવિધાઓનો લાભ લેવામાં આવ્યો છે અને તેનો ઉપયોગ શરૂ કરવામાં આવ્યો છે. વિવિધ લોન/ક્રેડીક સુવિધા ખાતાઓમાં અને સીકયુરીટી ઈન્ટરેસ્ટની બાકી વિગત નીચે મુજબ છે.

| સુવિધાનો પ્રકાર | લીમીટ રૂા. લાખમાં | વ્યાજનો દર | ૦૯.૦૬.૨૦૨૬ ના રોજ ની બાકી(૦૭.૦૬.૨૦૨૬ સુધી નું વ્યાજ સહિત) | કરાર સહિત સુરક્ષિત કરેલ મિલકતની વિગત |
|---|---|---|---|---|
| ટર્મ લોન (બરોડા હોમ લોન) ખાતા નં. ૭૮૦૫૦૬૦ ૦૦૦૩૧૨૩ | રૂા. ૧૧.૦૧ | ૯.૫૦% | રૂા.૧૦,૪૦,૦૮૮.૦૦ ના રોજના બાકી રકમ ની સ્ટેટમેન્ટ + લાગુ નહી કરેલ વ્યાજ રૂા. ૭,૬૦૪.૮૩ + અનર્સવિસ્ડ વ્યાજ ૨૨,૮૯૭.૯૦ + ચક્રવૃદ્ધિ વ્યાજ ૩૦૪.૦૦ | સુરક્ષિત કરેલ એરેન્જમેન્ટ્સ ટર્મ લોન દસ્તાવેજ તારીખ ૦૬.૧૧.૨૦૨૩ ઈક્વીટેબલ મોંગેજ કરેલ મોંગજ ડીડ મિલકત ૯૯૭૦/૨૦૨૩ તારીખ ૦૬.૧૧.૨૦૨૩ |
| **કુલ :** | રૂા. ૧૧.૦૧ | | રૂા.૧૦,૭૦,૮૯૪.૭૩ | |

**મોર્ગેજ કરેલ મિલકતની વિગત :** તમામ ભાગ અને હિસ્સો ધરાવતી મિલકત કે જે કામધેનુ પાર્ક નામની બિલ્ડીંગ ના પ્લોટ/ બિલ્ડીંગ નં. ૧૧ નો ફલેટ નં.૩૦૨, માપ ૫૦૨.૭૦ ચો.ફુટ એટલે ૪૬.૭૨ ચો.મી બિલ્ટઅપ એરિયા અને ૪૨૦.૭૧ ચો.ફુટ એટલે કે ૩૬.૧૦ ચો.મી કારપેટ એરિયા, બિલ્ડીંગની જમીન ના ૧૨.૬૪ ચો.મી ના વણવહેચાયેલ હિસ્સા સહિત નું બાંધકામ નવસારી રે.સ.નં. ૫૬૭/ પૈકી–૫ પૈકી–૧ નવસારી સીટી સર્વે ટીકા નં.૮, સીટી સર્વે નં.૨૨૫૩ (હિસ્સા નં.૨૨૫૩/૨) ટી.પી સ્કીમ નં.૧, ફાઈનલ પ્લોટ નં.૪૪૮ બિનખેતી જમીન ના ૧૫૨૯૮.૦૦ ચો.મી ૧૫ બિલ્ડીંગ માંથી ૮૦૮.૭૩ ચો.મી જમીન ઉપર થયેલ છે જે વિદ્યા ભારતી સ્કુલ પાસે, શાંતાદેવીરોડ, નવસારી, તા. અને જી.નવસારી ખાતે શ્રી રામબાબુ ઉમાશંકર સરોજ અને શ્રીમતી ગાયત્રી રામબાબુ સરોજ ની આવેલ છે. જેની ચતુર્દિશા : **પૂર્વ તરફ :** માર્જીન ખુલ્લી જગ્યા, **પશ્ચિમ તરફ :** કોમન પેસેજ અને દાદર, **ઉત્તર તરફ :** ૧૨ મીટર પહોળો રોડ, **દક્ષિણ તરફ :** ફલેટ નં.૩૦૩ આવેલ છે.

૨) તમે જાણો છો કે તમે **૦૭.૦૬.૨૦૨૬** ના રોજ પૂરા થયેલ ત્રીમાસિકમાં ઉપરોકત લોન / બાકી રકમના વ્યાજની ચુકવણી કરવામાં કસુર કરેલ છે. તમે **૦૭.૦૩.૨૦૨૬** ના રોજ અને ત્યાર બાદ ચુકવણની મુદતે પણ ચુકવણીમાં કસુર કરેલ છે. ૩) તમે કરેલ કસુર બદલ તમારો લોન એકાઉન્ટ રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ મુજબ **તા.૦૮.૦૬.૨૦૨૬** ના રોજ (એનપીએ તરીકે વર્ગીકૃત કરેલ તારીખ) નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત કરેલ છે. અમે વાંરવાર વિનંતી કરી છતાં તમે તમારી મુદતવીતી લોન અને તેના પરના વ્યાજ, ચુકવ્યા નથી. ૪) લોન સવલત પ્રત્યેની તમારી જવાબદારી અદા કરવામાં તમે કસુરવાર થયા છો નિષ્ફળ ગયા છો. ઉપરના પેરા–૧ માં જણાવેલ મિલકતો તમે ગીરો મુકેલ છે. જામીન સ્વરૂપે અને લોન ખાતું નોન–પરફોર્મીંગ એસેટ તરીકે વર્ગીકૃત થયેલ છે. આથી નોટીસ આપીએ છીએ કે સિકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાયનાન્સીયલ એસેટ એન્ડ ઈન્ફોર્સમેન્ટ ઓફ સિકયુરીટી ઈન્ટરેસ્ટ એક્ટ ૨૦૦૨ ની કલમ ૧૩ ની પેટા કલમ (૨) મુજબ નોટીસ આપી તમને પુરેપુરી રકમ જમા કરાવી બેંક પ્રત્યેની **રૂા.૧૦,૭૦,૮૯૪.૭૩ (અંકે રૂા. દસ લાખ સીત્તેર હજાર આઠસો ચોરાણું અને ત્તોત્તેર પૈસા પુરા)** ની જવાબદારી માં જણાવ્યા મુજબ નોટીસ મળ્યાના ૬૦ દિવસમાં ચુકવવા તમને જણાવાય છે. જણાવેલ તા. સુધીમાં તમામ બાકી રકમ વ્યાજ સાથે નહીં ચુકવો તો કથીત એક્ટની કલમ ૧૩ ની પેટા કલમ (૪) મુજબ વધુ કાર્યવાહી થશે. ૫) કૃપા કરી નોંધ લેશો, પુરી રકમ ચુકવવામાં નહિ આવે ત્યાં સુધી દરેક ઋણ સુવિધા માટે પેરા–૧ માં જણાવ્યા પ્રમાણેના દરેક વ્યાજ ચડવાનું ચાલુ રહેશે. ૬) તમારૂ ધ્યાન આ ધારાની પેટા કલમ–૧૩ ની કલમ ૧૩તરફ દોરીએ છીએ જેની પરિભાષામાં પેરા–૧ માં જણાવેલ મિલકત વેચાણ, લીઝ કે અન્ય કોઈ રીતે સુરક્ષિત સંપત્તિને ટ્રાન્સફર કરવાનું તમારા પર પ્રતિબંધ મૂકવામાં આવે છે.(સામાન્યા ધંધાકીય કામકાજ સિવાય) વધુમાં અમે એ જણાવીએ છીએ કે, આ ધારાની કલમ ૧૩(૧૩) પ્રમાણે જોગવાઈઓનું પાલન ન કરવું આ ધારાની ૨૯ હેઠળ દંડનીય અપરાધ છે. ૭) **વધુમાં અમે ધારા ૧૩ની પેટા ધારા ૮ મુજબ જો તમે બેંક ની બાકી રકમ વ્યાજ અને ખર્ચાઓ સહિત ચુકવી દઈ સુરક્ષિત કરેલ મિલકત–જાહેર હરાજી/ભાવપત્રક/ટેન્ડર/ખાનગી રીતે વેચાણ કરવા અંગેની નોટીસ પ્રસિદ્ધ થયા પહેલા છોડાવી શકો છો. મહેરબાની કરી નોંધ લેશો કે નોટીસની પ્રસિદ્ધિ પછી તમારો મિલકત છોડાવવાનો હકક પ્રાપ્ત થશે નહી.** ૮) કૃપા કરીને નોંધ લેશો કે આ નોટીસ કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વગર આપવામાં આવેલ છે અને તેથી કોઈ છુટ રાહત કે છુટછાટ કયાંય પણ કોઈ રીતે મળશે નહીં. વધુ માંગણી માટેનો અમારો અધિકાર અબાધિત છે.

તા.૦૯.૦૬.૨૦૨૬, સ્થળ : નવસારી — અધિકૃત અધિકારી, બેંક ઓફ બરોડા, આશાનગર શાખા.

**बैंक ऑफ इंडिया Bank of India BOI**

**રામપુરા શાખા સુરત :** ૭/૩૪૧૨, સ્વામિનારાયણ મંદિર પાસે, રામપુરા, સુરત–૩૯૫૦૦૩ Email : Rampura.surat@bankofindia.bank.in

પ્રતી, **શ્રી વસાવા હેમંતભાઈ જયંતીભાઈ**
૩૪૮ રાજેશ્વરી સોસાયટી કેનલ રોડ, કામરેજ, સુરત –૩૯૪૧૮૫
ફલેટ નં.૫૦૩, બિલ્ડીંગ નં.'એન', હરીકૃષ્ણા રેસીડેન્સી, ગામ.ઉમરા,તા.ઓલપાડ,જી.સુરત, સુરત–૩૯૪૩૧૦

મહેરબાણ શ્રી
ધી સીકયુરીટાઇઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ

તમારા દ્વારા કરેલી વિનંતી મુજબ બેંકે તમારી **રૂ. ૯,૯૪,૦૦૦/–** ( કુલ વિવિધ ક્રેડિટ સુવિધા મંજૂર કરેલ લિમીટ. અમે અહીં નીચે તમારી મંજૂર કરેલ ક્રેડીટ સુવિધા અને નોટીસની તારીખે બાકી રકમ દર્શાવેલ છે.)

**(I) સુવિધાના પ્રકાર : ટર્મ લોન**
**મંજૂર મર્યાદા : ૯,૯૪,૦૦૦/–**
**ખાતા નં : ૨૭૦૫૭૫૧૧૦૦૦૦૨૬૮ અને ખાસ કરીને આમાં બાકી લેણાંની વિગતો હેઠળ.**

| | બાકી લેણાંની વિગતો | રકમ |
|---|---|---|
| ૧ | ૩૦.૦૪.૨૦૨૬ સુધી વ્યાજ સાથે ખાતામાં એનપીએ તારીખ મુજબ બાકી રકમ | રૂ. ૯,૪૦,૭૦૯.૪૪ |
| ૨ | અનુગામી યુસીઆઈ ૩૦.૦૪.૨૦૨૬ થી ૧૦.૦૬.૨૦૨૬ સુધી વાર્ષિક @ ૯.૬૦% નું વાર્ષિક માસિક ગણતી સાથે | રૂ. ૯,૨૨૧.૧૮ |
| ૩ | ઉધાર લેનાર/દેવાદારો દ્વારા ચુકવવાપાત્ર અન્ય શુલ્ક / એનપીએ તારીખ પછીના ખાતામાં ડેબિટ | મંજૂરી મુજબ |
| ૪ | કુલ | રૂ. ૯,૪૯,૯૩૦.૬૨/– |
| ૫ | જો એનપીએ તારીખ પછી કોઈ હોય તો એકંદર વસૂલાત પ્રભાવિત | રૂ. ૦.૦૦ |
| ૬ | ૪–૫ = એટલે નોટિસની તારીખ સુધી વાર્ષિક @ ૯.૬૦% નું વાર્ષિક માસિક ગણતી સાથે બાકીના વધારાના વ્યાજ સાથે ચૂકવવાપાત્ર કરાર આધારિત લેણાં | રૂ. ૯,૪૯,૯૩૦.૬૨/– |
| ૭ | ૩૦.૦૪.૨૦૨૬ થી ૧૦.૦૬.૨૦૨૬ ના સમયગાળા માટે ચક્રવૃદ્ધિ/ મુડીકરણ અસર દ્વારા ચુકવવાપાત્ર પેનલ વ્યાજ | મંજૂરી મુજબ |

**નોટિસની ચુકવવાપાત્ર એકંદર કરારીય લેણાં રૂા. ૯,૪૯,૯૩૦.૬૨/– (અંકે નવ લાખ ઓગણપચાસ હજાર નવસો ત્રીસ અને બાસઠ પૈસા પુરા)**

૨. આ ક્રેડીટ સુવિધા બેંકે નીચે જણાવેલ મિલકત / સીકયુરીટીની સામે મંજુર કરી હતી. (બેંકને ચાર્જ કરેલ મિલકતની વિગત) **બેંકને વસુલવામાં આવેલી મિલકતો / સંપત્તિઓની વિગતો**

| | સંપત્તિઓની વિગતો / બેંકને વસુલવામાં આવેલી મિલકતો | CERSAI નોંધણી આઈડીએસ. |
|---|---|---|
| અ) | તમામ જમીન અને બિલ્ડીંગ કે જે હરીકૃષ્ણા રેસીડેન્સી, ની બિલ્ડીંગ નં.'એન' નો ફલેટ નં. ૫૦૩, કારપેટ એરિયા માપ૪૦.૫૯ ચો.મીટર ગામ.ઉમરા, તા.ઓલપાડ, જી.સુરત, સુરત –૩૯૪૩૧૦ ખાતે શ્રી વસાવા હેમંતભાઈ જયંતીભાઈ ના નામે આવેલ છે. | Asset ID- 200080374798 Security ID- 400078706158 |

૩. તમે આ ક્રેડીટ સુવિધાની બાકી રકમની પરત ચુકવણીમાં કસુર કર્યો છે. અમે તમારૂ એકાઉન્ટ **તા.૩૦.૦૪.૨૦૨૬ થી** અસરથી રીઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની જોગવાઈ અને ગાઈડલાઈન મુજબ નોન–પરફોર્મીંગ એસેટ તરીકે જાહેર કરેલ છે. ૪. ઉપર જણાવેલ કારણસર અમે અહીં તમને ઉપર જણાવેલ કાયદાની ધારા ૧૩(૨) હેઠળ નોટીસ આપીએ છીએ અને તમને જાણ કરવામાં આવે છે કે બેંક ની બાકી રકમ **રૂા. ૯,૪૯,૯૩૦.૬૨/– (અંકે નવ લાખ ઓગણપચાસ હજાર નવસો ત્રીસ અને બાસઠ પૈસા પુરા)** તેના ઉપર ના વધારા ના વ્યાજ વાર્ષિક **@ ૯.૬૦%** લેખે ટર્મ લોન વ્યાજ માસિક ગણતરીના આધારે વ્યાજ, કોસ્ટ, ચાર્જ, પેનલ અને ખર્ચાઓ સાથે નોટીસ આપ્યાના ૬૦ દિવસમાં ચુકવી આપવા તમને જણાવાય છે. મહેરબાની કરી નોંધ લેશો કે જેમાં કસુર થયે અમે તમારા જોખમે અને ખર્ચે અને પરિણામે ધી સીકયુરીટાઈઝેશન એન્ડ રીકન્સ્ટ્રકશન ઓફ ફાઈનાન્સીયલ એસેટ્સ એન્ડ એન્ફોર્સમેન્ટ ઓફ સીકયુરીટી ઈન્ટરેસ્ટ એકટ, ૨૦૦૨ની કલમ ૧૩ મુજબ ઉપરોક્ત દર્શાવેલ સુરક્ષિત કરેલ મિલકત ના અનુસંધાનમાં વધુ કાર્યવાહી કરી શકીએ છીએ. **૫.** જયારે અમે તમને એનપીએ ખાતામાં ઉપર મુજબની જવાબદારી ડીસ્ચાર્જ કરવા માટે કહીએ છીએ. બેંક ને લાગુ પડતા વ્યાજ તમામ કોષ્ટ, ચાર્જીસ અને ખર્ચાઓ અને સંપૂર્ણ ચુકવણી સુધી બેંક દ્વારા કરવામાં આવેલ તમામ લેણી રકમ અને સમયગાળા ની અંદર સુરક્ષિત કરેલ અસ્કયામતો રીડમ કરવા જાણ કરવામાં આવે છે. મહેરબાની કરી મહત્વની નોંધ લેશો કે સરફેસી એક્ટની કલમ૧૩(૮) મુજબ સુરક્ષિત અસ્કામતો નું રીડીમ કરવાનું ટ્રાન્સફર માટે જાહેર અથવા ખાનગી સંધિમાંથી જાહેર હરાજી અથવા ટેન્ડર અથવા લીઝ સોપણી અથવા સુરક્ષીત સંપતિ ની વેચાણ ની નોટીસ ની પ્રસિધ્ધી સુધી ઉપલબ્ધ રહેશે. ૬. ઉપર દર્શાવેલ સત્તાનો ઉપયોગ કરવાથી પ્રાપ્ત થયેલી રકમ, અમારા દ્વારા કરવામાં આવેલ તમામ કોસ્ટ, ચાર્જ અને ખર્ચની ચુકવણીમાં અને અથવા તેને લગતા કોઈપણ ખર્ચની ચુકવણીમાં લાગુ કરવામાં આવશે. અને બીજુ ઉપર જણાવ્યા મુજબ બેંકના લેણાની વસૂલાતમાં વાસ્તવિક વસૂલાતની તારીખ સુધી કરાર આધારિત વ્યાજ, જો કોઈ હોય તો તે બેંકના સમગ્ર લેણામાં(જેમા દેવાદાર અથવા ગેરંટી આપનાર તરીકે બેંક ને તમારા અન્ય કોઈ પણ લેણા નો સમાવેસ થાય છે.) સંપૂર્ણ રીતે વસૂલ કરવામાં આવે જે તમને ચુકવવામાં આવશે. ૭. જો ઉપરોક્ત સત્તાઓના ઉપયોગ દરમ્યાન સુરક્ષિત સંપત્તિઓ સામે પ્રાપ્ત થયેલ રકમ સાથે ઉપરોક્ત બાકી રકમ સંપૂર્ણપણે વસૂલવામાં ન આવે તો અમે તમારી અન્ય સંપત્તિઓ સામે કાર્યવાહી કરવાને અમારો અધિકાર અનામત રાખીએ છીએ. જેમાં તમારી પાસેથી આકસ્મીક તમામ ખર્ચ વગેરે બાકી સહિતની રકમ વસુલાત માટે ઋણ વસૂલી ટ્રીબ્યુનલ/ કોર્ટ સમક્ષ કાનુની /વસૂલાતની કાર્યવાહી ફાઈલ કરીને અને/અથવા ચાલુ રાખીને, બાકી રકમની વસુલાત માટે, બાકી રકમ અને તેનાથી સંબંધિત તમામ ખર્ચ વગેરેની વસુલાતનો સમાવેશ થાય છે. ૮. મહેરબાની કરી નોંધ લેશો કે આ ધારાની પેટા કલમ (૧૩) મુજબ આ નોટીસ પ્રાપ્ત થયે જણાવેલ મિલકત વેચાણ, લીઝ, લાઈસન્સ, ગીફટ, ગીરવેદાર કે અન્ય કોઈપણ રીતે સુરક્ષિત મિલકત ટ્રાન્સફર કરવા પર પ્રતિબંધ મુકવામાં આવે છે. ૯. નીચે સહી કરનાર આ નોટીસ જારી કરવા અને ઉપરોકત કાયદાની કલમ ૧૩ હેઠળ સત્તાનો ઉપયોગ કરવા માટે બેંકના અધિકૃત અધિકારી છે. ૧૦.એ ઉલ્લેખ કરવાની જરૂર નથી કે, આ નોટીસ બેંકને ઉપલબ્ધ અન્ય કોઈપણ અધિકાર અથવા ઉપાય પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વિના તમને આપવામાં આવી છે.

તા.૧૦/૦૬/૨૦૨૬ । સ્થળ : સુરત — ચીફ મેનેજર અને અધિકૃત અધિકારી, બેંક ઓફ ઈન્ડિયા, રામપુરા શાખા.